## : લાયકાત :

1. ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઈશે.
2. ઉમેદવારની શૈક્ષણિક લાયકાત યુ.જી.સી. રેગ્યુલેશન 2010 તથા તેમાં થયેલ વખતોવખત સુધારાઓ અને સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અનુસાર રહેશે.
3. શૈક્ષણિક લાયકાત માટે ભારતના કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા વૈધાનિક કાયદા વડે તથા યુ.જી.સી. દ્વારા આપેલ માન્યતા સંદર્ભે સ્થાપિત કે માન્ય કોઈપણ યુનિવર્સિટી તરફથી એનાયત થયેલ ડીગ્રી જ ધ્યાને લેવાશે.
4. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.) રેગ્યુલેશન - 2010 અને તેમા વખતોવખતના સુધારાઓ પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ 55 ટકા ગુણ સાથે સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં હોવા જોઈએ.
5. ઉમેદવાર યુ.જી.સી.-સી.એસ.આઈ.આર. અથવા સમાન પ્રકારની સંસ્થા દ્વારા યોજીત નેટ (પ્રમાણપત્ર) અથાવ સ્લેટ (પ્રમાણપત્ર) અથાવ જી-સેટ (પ્રમાણપત્ર) ઉતિર્ણ હોવા જોઈએ.

   ઉમેદવાર કે જેઓ 11 જુલાઈ 2009 પહેલા પી.એચ.ડી. માટે રજીસ્ટર થયા હોય અને પી.એચ.ડી. પૂર્ણ થયુ હોય તેવા ઉમેદવારોને NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Qualification for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) (4th Amendment), Regulations, 2016 ના મુદ્દા નં.- 3 માં જણાવ્યા અનુસારનું Vice-Chancellor / Pro-Vice-Chancellor / Dean (Academic Affairs) / Dean (University instructions) નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

   જે ઉમેદવારે યુ.જી.સી. રેગ્યુલેશન 2009 પ્રમાણે પી.એચ.ડી.માં પ્રવેશ મેળવેલ હોય અને પી.એચ.ડી. પૂર્ણ થયુ હોય તેમને University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D.Degree) Regulations, 2009 અનુસાર NET/SLET લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D.Degree) Regulations, 2009 અનુસાર સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.
6. યુ.જી.સી. રેગ્યુલેશન-2010 અને તેમાં થયેલ વખતોવખતના સુધારાઓનાં લઘુત્તમ લાયકાત ધોરણો તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલા ધોરણો જાળવ્યા બાદ શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની જરૂરીયાત પ્રમાણે વિદ્યાશાખા મુજબ ‘અધ્યાપક સહાયક’ ની લાયકાતનાં ધોરણો રહેશે.
7. શિક્ષણ (બી.એડ.)ની કોલેજો માટે અધ્યાપક સહાયકની લાયકાત નીચે મુજબની રહેશે.
   1. A Master’s Degree in subject with 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed);
   2. M. Ed. Degree with at least 55% marks (or an equivalent grade in a point scale wherever grading system is followed); and
   3. Besides fulfilling the above qualification, the candidate must have cleared the National Eligibility Test (NET) in Education conducted by the UGC, like SLET/SET.
   4. લાયકાતની શરતનાં મુદ્દા નં.-5 મુજબ શિક્ષણ વિદ્યાશાખામાં પી.એચ.ડી. કરેલ હશે તે ઉમેદવારોને જ નેટ/સ્લેટ/જી-સેટ માંથી મુક્તિ મળવાપાત્ર થાય છે.